જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૬/૨૦૧૮ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૧૯૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૪૬૯ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૬૪/૧૮

**સેટેલાઇટ** : કિશન પ્રકાશભાઇ કાનાબાર (રહે,મંગલમ એપાર્ટમેન્ટ, મેડીલીંક હોસ્પીટલ પાછળ, શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઇટ) એ તા.૦૫/૬/૧૮ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૧૮ ના કલાક ૦૭/૦૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના પી.જી. વાળા મકાનમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મોબાઇલ ફોન, લેપટોપ અને રોકડ રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

## સોના ની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૦૬૫/૧૮

**સોલા હાઈકોર્ટઃ** નંદાબહેન રમેશભાઇ પરમાર (ઉ.વ.૫૨) (રહે. વિશ્વાસીટી-૨ ચાણક્યપુરી) તા.૪/૬/૧૮ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે નિર્માણ ટાવર પાસે આવેલ આર.સી.ટેકનીક્લ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટિવા નંબર જીજે ૧ પીઝેડ ૨૯૫૫ ઉપર આવેલ પુરૂષ નંદાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નંદાબહેને સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પ્રો..પો.સ.ઇ.શ્રી ડી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘાટલોડીયા** : વસંતાબેન વા/ઓ વિઠ્ઠલરાવ બૈરી (ઉ.વ.૪૫)(રહે,હીરામોતી સોસાયટી, બેંક ઓફ મહારાષ્ટ્ર પાસે, નુતન સ્કુલની બાજુમાં ઘાટલોડીયા) તા.૦૫/૬/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પ્રભાતચોક પાસે આવેલ નૂતન સ્કુલના ગેટ આગળ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ, બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) વસંતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વસંતાબહેન બૈરી એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એલ.જોષી ચલાવે છે.

**<u>ભુલથી બીજી દવા પી લેતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૬/૧૮</u>**

**ઘાટલોડીયા** : કેવલચંદ્ર પુખરાજભાઇ માલવીયા (ઉ.વ.૬૫)(રહે,ન્યુ નિકીતાપાર્ક એચ.બી.કાપડીયા સ્કુલની આગળ મેમનગર) નાઓને એલર્જીની બીમારી હોઇ, જે દવાને બદલે ભુલથી બીજી દવા અપાઇ જવાથી તા.૦૩/૦૬/૧૮ ના કલાક ૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા દરમ્યાન શરીરમા તકલીફ થવાથી, સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતાં, સારવાર દરમ્યાન તા.૪/૬/૧૮ રાતના ૧૧/૪૦ વાગ્યે ફરજ પરના ડૉ.શ્રી તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ રતાભાઇ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૭/૧૮</u>**

**નરોડા** : ગાયત્રીબહેન હેમેન્દ્રભાઇ વાળંદ (રહે.વાળંદવાસ, કબિરપુરા, નરોડા ગામ, નરોડા) તા.૦૫/૦૬/૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યા પેહલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોઇ બનાવતી વખતે, સ્ટવમાં સાડી અડી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા, સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૮/૧૮</u>**

**નરોડા** : હરીભાઇ મરકણા (રહે.શ્રેયાશનાથ સોસાયટી, કઠવાડા રોડ, નરોડા) એ ગંભીર બીમારીથી કંટાળી જઇ તા.૦૫/૦૬/૧૮ બપોરના ૪/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગે ની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**ગોમતીપુર** : મન્દ્રાકાલીભાઇ રાજેશભાઈ ડાંગીયા (ઉ.વ.૨૦)(રહે.સુખરામનગર સ્લમ ક્વાર્ટસ ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૧૮ ના કલાક ૬/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેંદ્રભાઇ શકરાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.